# મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., નવાગામ દ્વારા
# "ડાંગર પાકમાં પોસ્ટ ઈમરજન્સ નીંદણ નિયંત્રણના" નિદર્શન દિવસની ઉજવણી

એઆઈસીઆરપી- નીંદણ વ્યવસ્થાપન યોજના, બી.એ.સી.એ.,આકૃયુ, આણંદ અને મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., નવાગામ દ્વારા તારીખ: ૦૩-૧૦-૨૦૧૬ ના રોજ ડાંગર પાકમાં પોસ્ટ ઈમરજન્સ નીંદણ નિયંત્રણના નિદર્શન દિવસની ઉજવણીનો એક દિવસીય કાર્યક્રમ અત્રેના કેન્દ્ર ખાતે રાખવામાં આવેલ. આ કાર્યક્રમમાં ડાંગર પાકમાં પોસ્ટ ઈમરજન્સ નીંદણનાશકોનો પ્રચાર-પ્રસાર અને ખેડૂતોમાં પ્રચલીત થાય તે હેતુથી અત્રેના કેન્દ્ર ખાતે ફિલ્ડ નિદર્શન રાખવામાં આવેલ, જેમાં ડૉ. બી.ડી. પટેલ, એગ્રોનોમીસ્ટશ્રીએ ડાંગર પાકમાં પોસ્ટ ઈમરજન્સ નીંદણ નિયંત્રણ અને વિવિધ પાકોમાં નીંદણ નિયંત્રણ અંગેની સમજ, તેની ગણતરી અને પધ્ધતિઓની માહીતી આપી. અત્રેના કેન્દ્રના વડાશ્રી, ડૉ. કે.એસ. પ્રજાપતિ ડાંગરમાં નીંદણ નિયંત્રણ તાલીમનું મહત્વ, પ્રો. ડી.જે. કાચા એ ડાંગર પાકમાં નીંદણનો પરિચય અને તેનું નુકસાન, પ્રો. એસ.જી.પટેલ એ  ડાંગરની વહેલી પાકતી નવી સુધારેલી જાત મહિસાગર વિષે પ્રગતીશીલ ખેડૂતોને માહિતગાર કર્યા હતા. આ તાલીમમાં નવાગામ, કઠવાડા, બીડજ, પાણસોલી, ભેરાઈ અને મલારપુરાના કુલ ૪૦ પ્રગતીશીલ ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધેલ હતો. ખેડૂતોને ડાંગર પાકમાં પોસ્ટ ઈમરજન્સ નીંદામણનાશકોનું કાર્યક્ષમ પરિણામ મળે તે હેતુથી દરેક ખેડૂતોને ફ્લેટ ફેન નોઝલ (પટ્ટી નોઝલ) અને સાહિત્યનું  વિતરણ કરવામાં આવ્યું.






ડૉ. બી.ડી. પટેલનું ઉદબોધન અને ફિલ્ડ પર ખેડૂતોને માર્ગદર્શન







યુનિટ વડાશ્રી, ડૉ. કે.એસ. પ્રજાપતિ નું ઉદબોધન






પ્રો. ડી.જે. કાચાનું ઉદબોધન અને ફિલ્ડ પર ખેડૂતોને માર્ગદર્શન





ખેડુતોને ફ્લેટ ફેન નોઝલ
અને સાહીત્યનું કરેલ
વિતરણ



